RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 20 * Date: 12.11.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# સાત મહિનામાં ૪૧ ભારતીયોના મોત, સુરક્ષામાં ચૂક માટે જવાબદાર કોણ?: દિલ્હી બ્લાસ્ટ અંગે કોંગ્રેસનો સવાલ




દિલ્હી બ્લાસ્ટ મામલે વિપક્ષોએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો શરૂ કરી દીધા છે. કોંગ્રેસ સહિત વિપક્ષી દળ ગૃહમંત્રી અમિત શાહ પાસે જવાબ માંગી રહ્યા છે. કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'અમિત શાહ અસફળ ગૃહમંત્રી છે. સાત મહિનામાં ૪૧ ભારતીયો માર્યા ગયા છે. દિલ્હીમાં બ્લાસ્ટની ઘટના પાછળ કોણ જવાબદાર છે?

સુપ્રિયા શ્રીનેતે કહ્યું કે, 'રાજધાની દિલ્હીમાં વિસ્ફોટની ઘટામાં ૧૦ લોકોના મોત થયા છે. ગઈકાલે ફરીદાબાદમાંથી ૩૬૦ કિલો વિસ્ફોટક પકડાયો હતો. આ વિસ્ફોટ સામગ્રી ત્યાં કેવી રીતે પહોંચી? બહુ મોટી ઘટના થવાની સંભાવના હતી. સાત મહિના પહેલા જ પહલગામમાં આતંકવાદી હુમલો થયો હતો અને હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો છે. કોની જવાબદારી છે?તેમણે વધુમાં કહ્યું કે, 'ગૃહમંત્રી ક્યાં છે? વડાપ્રધાન ક્યાં છે? ભારતીયોની નિર્દયતાથી હત્યા થઈ રહી છે, છતાં બંને નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત છે અને કોઈ જવાબદારી પણ નથી. સાત મહિનામાં ૪૧ ભારતીયોને મારી નખાયા છે. અમિત શાહ અસફળ ગૃહમંત્રી છે. દિલ્હી પોલીસ કોના નિયંત્રણ હેઠળ છે? સરહદ સુરક્ષા માટે કોણ જવાબદાર છે?"મ્ને કોણ રિપોર્ટ કરે છે? મોટી મોટી વાતો કરવાથી તમારી નિષ્ફળતા અને સુરક્ષામાં વારંવાર ચૂક ક્યારે છુપાશે નહીં. જો નિર્દોષ લોકોના મોત થશે, તો અવાજ ઉઠાવવામાં આવશે. જવાબદારી નક્કી કરાશે, કારણ દેશ સુરક્ષિત હાથોમાં નથી.'

કોંગ્રેસ નેતા પવન ખેડાએ કહ્યું કે, 'બ્લાસ્ટની ઘટનાને ઘણો સમય વીતી ગયો છે, અફવાઓ વધુ ન ફેલાય તે માટે ગૃહમંત્રીએ માહિતી આપવી જોઈએ. ગૃહમંત્રી સુરક્ષા પર ધ્યાન રાખી રહ્યા નથી, તેઓ ચૂંટણી રાજ્યમાં એક હોટલમાં બેઠા છે અને તેઓ સીસીટીવીથી બચી રહ્યા છે. જ્યારે પહલગામમાં હુમલો થયો હતો, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાઉદી અરેબિયાની યાત્રા છોડીને આવી ગયા હતા. હવે દિલ્હીમાં વિસ્ફોટ થયો તો તેઓ ભૂતાન જતા રહ્યા છે. જો તેઓ વડાપ્રધાન હોત, તો તેમને દેશની ચિંતા હોત, વાતચીત વર્ચ્યુઅલ રીતે પણ થઈ શકી હોત.'

દિલ્હી બ્લાસ્ટ મામલે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પાર્ટી તૃણમૂલ કોંગ્રેસે (સ્ઝ) પણ કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. ટીએમસીના સાંસદ મહુઆ મોઈત્રા (સ્ઠરેઠ ૈંદ્બિ)એ કહ્યું કે, 'ભારતને મજબૂત ગૃહમંત્રીની જરૂર છે. શું આપણી સરહદ અને શહેરોની રક્ષા કરવાની જવાબદારી અમિત શાહની નથી? તે બધી બાબતોમાં આટલો ખરાબ રીતે કેમ નિષ્ફળ જઈ રહ્યો છે?'ઉલ્લેખનીય છે કે, દિલ્હીના લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન-૧ પાસે કારમાં શક્તિશાળી વિસ્ફોટ થયો હતો. આ દરમિયાન કારની આસપાસના અનેક વાહનો વિસ્ફોટ અને આગની ઝપેટમાં આવી ગયા હતા. ઘટનામાં ૧૦ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે. બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે, આસપાસની બિલ્ડિંગો અને મંદિરોના કાર પણ તૂટી ગયા હતા. એટલું જ નહીં વિસ્ફોટમાં એક વ્યક્તિ છેક વૃક્ષ પર પડ્યો હતો. તપાસ એજન્સીઓની નજર પડતા યુવક મૃત હાલતમાં વૃક્ષ પર લટકેલો જોવા મળ્યો હતો.

## દિલ્હી બ્લાસ્ટને લઈને ગંભીર થયો ઈમોશનલ, ધવન અને કુંબલે સહિતના ક્રિકેટરે દુઃખ વ્યક્ત કર્યું

દિલ્હીમાં સોમવારે (૧૦મી નવેમ્બર) સાંજે લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટથી ક્રિકેટ જગત સ્તબ્ધ થઈ ગયું હતું. લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં વિસ્ફોટ થયો હતો,જેમાં ૧૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, અને ૨૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાના અહેવાલ છે. સમગ્ર દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ ઘટનાને લઈને ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને અન્ય ઘણાં ક્રિકેટરોએ આ દુઃખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે.



ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર આ ઘટના પર પ્રતિક્રિયા આપનારા પહેલા ક્રિકેટરોમાંના એક હતા. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું, 'દિલ્હી વિસ્ફોટમાં મૃત્યુ પામેલા લોકો પ્રત્યે મારી સંવેદના. ભગવાન મૃત્યુ પામેલા લોકોના પરિવારોને શક્તિ આપે અને ઈજાગ્રસ્તો ઝડપથી સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરું છું.'

પૂર્વ ભારતીય બેટર શિખર ધવને શોક વ્યક્ત કરતા 'ઠ' પર લખ્યું, 'દિલ્હીમાં લાલ કિલ્લા નજીક કાર બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા લોકોના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું. મારી પ્રાર્થનાઓ પીડિતો અને તેમના પરિવારો સાથે છે. બધા સુરક્ષિત રહો અને પોતાનું ધ્યાન રાખો.'

ફાસ્ટ બોલર ઈશાંત શર્માએ પણ આ દુઃખદ ઘટના પર પ્રતિક્રિયા આપી. તેણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર લખ્યું, 'દિલ્હીમાં શાંતિ અને દરેક શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થ કરૂ છું. આપણા શહેરમાં એક અતૂટ ભાવના છે. સાથે મળીને, આપણે વધુ મજબૂત બનીશું.'

પૂર્વ ક્રિકેટર આકાશ ચોપરા, અનિલ કુંબલેએ પણ આ મુશ્કેલ સમયમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારો માટે શક્તિ માટે પ્રાર્થના કરી હતી.

અહેવાલો અનુસાર, દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બોમ્બ વિસ્ફોટની તપાસ હવે રાષ્ટ્રીય તપાસ એજન્સી (દ્ગૈંછ) કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો છે અને તપાસ દ્ગૈંછને સોંપી દીધી છે. મંગળવારે (૧૧મી નવેમ્બર) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી જેમાં વિસ્ફોટની તપાસ દ્ગૈંછ પાસે કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

## તથ્ય પટેલ કેસઃ ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરો, ટ્રાયલ કોર્ટને સુપ્રીમ કોર્ટનો આદેશ

અમદાવાદના બહુચર્ચિત ઈસ્કોન બ્રિજ અકસ્માત કેસમાં સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. ૯ લોકોનો ભોગ લેનાર આ ભયાનક અકસ્માતના કેસમાં જેલમાં બંધ મુખ્ય આરોપી તથ્ય પટેલની મુશ્કેલીઓ હવે વધી ગઈ છે. સુપ્રીમ કોર્ટે ગુજરાતની ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ અને કડક આદેશ આપ્યો છે કે તાત્કાલિક ધોરણે કેસમાં ચાર્જફ્રેમ કરવામાં આવે. હવે સેશન્સ કોર્ટમાં તથ્ય પટેલ સામેની કાર્યવાહી તાત્કાલિક ધોરણે હાથ ધરવામાં આવશે.



સુપ્રીમ કોર્ટે આ સંવેદનશીલ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ટ્રાયલ કોર્ટને સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે. કોર્ટે હુકમ કર્યો છે કે આગામી ત્રણ અઠવાડિયાની અંદર આરોપી તથ્ય પટેલ વિરુદ્ધ ચાર્જશીટના આધારે ચાર્જફ્રેમની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટનો આ આદેશ સ્પષ્ટપણે દર્શાવે છે કે આ કેસને બિનજરૂરી રીતે લાંબો ખેંચી શકાય નહીં અને સમયસર ન્યાય પ્રક્રિયા પૂરી કરવી અનિવાર્ય છે. ઉલ્લેખનીય છે કે, આ ભયાનક અકસ્માતની ઘટનાના ત્રીજા વર્ષે આ કેસમાં ચાર્જ ફ્રેમ થવા જઈ રહ્યો છે. સુપ્રીમ કોર્ટના આ હસ્તક્ષેપ બાદ હવે તથ્ય પટેલ સામેની કાયદાકીય પ્રક્રિયા વધુ ગતિ પકડશે. સુપ્રીમ કોર્ટની આ મહત્વની ચેતવણી બાદ તથ્ય પટેલ પર લાગેલા ગંભીર આરોપો સામે કોર્ટમાં કેસ ઝડપથી આગળ વધશે અને ટ્રાયલનો માર્ગ મોકળો થયો છે, જે પીડિત પરિવારો માટે ન્યાયની આશાનું કિરણ બન્યું છે.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તપાસ એજેન્સીઓ સાથે સતત સંપર્કમા છે અને કોઇ પણ દોષિતને છોડવામા ન આવે તે માટે સુચના આપવામાં આવી છે : શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, બુથ પ્રભારીથી લઇ કર્ણાવતી મહાનગરના પ્રમુખ તરીકે સંગઠનમાં મહત્વની ભૂમિકા નિભાવનાર એવા યશસ્વી પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજી તેમના પ્રવાસ દરમિયાન કાર્યકર્તાઓમાં ઉર્જાનો સંચાર કરી પક્ષને વધુ મબજૂત બનાવવા માર્ગદર્શન આપી રહ્યા છે ત્યારે આજ રોજ સાબરકાંઠાના પ્રવાસે પધાર્યા છે ત્યારે જીલ્લાના કાર્યકર્તાઓએ ભવ્ય બાઇક રેલી સાથે ''ભારત માતા કી જય'' ના ઘોષ સાથે પ્રદેશ પ્રમુખશ્રીનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું ત્યાર બાદ કળશ પાર્ટી પ્લોટ હિંમતનગર ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીનો અભિવાદન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લાના પ્રમુખશ્રી કનુભાઇ પટેલે સ્વાગત પ્રવચન કર્યુ હતુ. કાર્યક્રમમાં પ્રદેશ અધ્યક્ષશ્રીનું ચોપડા અને ખેસ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીએ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપતા પહેલા દિલ્હીમાં બનેલી દુર્ઘટના અંગે દુઃખ વ્યકત કરતા જણાવ્યું કે,દિલ્હીમાં જે ઘટના બની તે કાળજુ કંપાવી નાખે તેવી છે. ઘટનાનું દુખ આપણને સૌને છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ ઘટનાને ખૂબ ગંભીરતાથી લઇ તપાસ એજેન્સી સાથે સતત સંપર્કમા રહી કોઇ પણ દોષિત વ્યક્તિને છોડવામાં ન આવે તે માટે સુચના આપી છે. ઘટનામાં મૃત્યુ પામનાર વ્યક્તિઓને શ્રદ્ધાજંલિ અર્પણ કરી બે મીનીટ મૌન પાડવામાં આવ્યું. આજે આ સભા સ્થળે ચારેય બાજુ મહિલાઓ-માતાઓએ કેસરિયો સાફો પહેર્યો છે તેમને વટ પાડી દીધો છે. જિલ્લાના નામી-અનામી કાર્યકર્તાઓ કે જેમણે પાર્ટી માટે ખૂબ મોટુ યોગદાન આપ્યું છે તેમને યાદ કર્યા. સાબરમતી, વાકળ અને આકળ એમ ત્રણેય નદીનો સંગમ થાય છે તેવી ભૂમિ પર આજે ઉપસ્થિત રહેવાની તક મળી છે. સહકારી માટે સરદાર સાહેબે જે સ્વપ્ન જોયુ છે તે સ્વપ્નને સાકાર કરવામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સતત પ્રયાસ કરી રહ્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આઝાદીના ૭૫ વર્ષ પછી પ્રથમ વખત સહકારીતા વિભાગ શરૂ કરી દેશના ખેડૂતો-પશુપાલકોને સૌથી મોટી ભેટ આપી છે. સહકારીતા વિભાગની જવાબદારી દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબને સોંપી છે. આપણો દેશ કૃષી પ્રધાન દેશ છે અને દેશની જીડીપીમાં કૃષિનો ફાળો સૌથી વધુ છે. શામળભાઇને યાદ કરી કહ્યુ કે, અમુલ ફેડરેશનની અંદર પાંચ વર્ષ સુધી તેમણે ફેડરેશનના ચેરમેન તરીકે ખૂબ મોટી કામગીરી કરી છે.

શ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીએ વધુમાં જણાવ્યું કે, આપણું દુધ વિશ્વના બજારોમાં વહેચાય તેની ચિંતા અમુલના માધ્યમથી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, દેશના ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તેમજ શ્રી અમિતભાઇ શાહ સાહેબ દેશના ખેડૂતો-પશુપાલકોની ચિંતા કરે છે અને વિશ્વની ગમે તેવી મહાસત્તા સામે ઝુક્યા નથી. ગમે તેવી ધમકી આપે કે ટેરિફ લગાવવાની ધમકી આપે તો પણ ઝુક્યા નથી તેનુ એક માત્ર કારણ આજે આપણી અમુલ આખા વિશ્વમાં ડંકો વગાડે છે અને એક લાખ કરોડના ટન ઓવર પર આજે અમુલ ડેરી પહોચી છે આ શ્રેય આપણા પશુપાલકોને જાય છે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓને કોઇ પાર્ટીના કાર્યકર્તાઓ પરાજય ન કરી શકે તેવા કાર્યકર્તાઓ છે. કેટલીય વાર વિપરીત પરિસ્થિતિ આવી હશે પરંતુ વિપરિત પરિસ્થિતિ સામે ભાજપનો કાર્યકર્તા ક્યારેય પાછો પળ્યો




નથી તેનુ મને ગર્વ છે. મને ભાજપના કાર્યકર્તા પર ૧૦૦ ટકા ભરોસો છે કે ભાજપનો કાર્યકર્તા ક્યારેય ડગ્યો નથી અને ૫૬ની છાતી રાખી અડીખમ ઉભો હોય છે. શ્રી જગદીશભાઇ વિશ્વકર્માજીએ વધુમાં જણાવ્યું કે, સાબરકાંઠા જીલ્લો સહકારીતા માટે આગવી ઓળખ ધરાવતો જિલ્લો છે. આજના નવ યુવાનોને ખબર નહી હોય કે અંધકાર કોને કહેવાય. પહેલાના સમયમાં સાંજના સમયે વાળુ કરી લેવુ પડે તેવી સ્થિતિ હતી,ફાનસ પ્રગટાવી સાંજનુ ભોજન કરવુ પડતુ હતુ, આજે ગામડાઓમાં ૨૪ કલાક વિજળી મળે છે. દેશમા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિકાસની રાજનીતી પ્રસ્થાપિત કરી છે. જિલ્લામાં મેડિકલ કોલેજ,આર્ટસ-કોમર્સની કોલેજો,શાળાઓ,રોડ-રસ્તા, પ્રાથમિક સગવડો હોય ત્યારે વિકાસ થયો કહેવાય અને આજે વિકાસની દિશામાં આપણે સૌ હરણફાળ ગતિએ આગળ વધી રહ્યા છીએ તેનુ આપણને ગૌરવ છે. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ હિંમતનગર રેલવે સ્ટેશને આધુનિક સેવાથી સજ્જ બનાવવામાં આવ્યું છે તેમજ જિલ્લાના વિવિધ વિકાસલક્ષા પ્રકલ્પોની માહિતી આપી હતી. ખેડૂતોને આપણે નમન કરીએ છીએ તેમના માટે વિવિધ યોજના થકી તેમની સમસ્યા દુર કરવાનો પ્રયાસ કરીએ છીએ પણ કોંગ્રેસની સરકારે ખેડૂતોના અવાજને દબાવવાનુ કામ કરતી હતી. આ વખતે કમોસમી વરસાદને કારણે ગુજરાતના

આભાર - નિહારીકા રવિયા ગામડાઓમાં નાનુ-મોટુ ઘણુ નુકશાન થયુ ત્યારે મુખ્યમંત્રી સહિત મંત્રીઓ ખેડૂતોની વચ્ચે જઇ તેમના પર આવેલ સંકટમાં તેમની મદદ માટે ગયા. આજે દેડકાની જેમ નેતાઓ અલગ-અલગ રાજયોમાથી આવી આપણા રાજયના ખેડૂતોને ભોળવવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમને કહેવુ છે કે તમે તમારા પ્રાંતમાં ખેડૂતોને શું મદદ કરી તેની ચિંતા કરો. ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલે ખેડૂતો માટે ઉદાર મન રાખ્યુ છે. આજે દેડકાની જેમ ફુટી નીકળેલા નેતાઓ આપણને એમ કહે છે કે તમે આટલુ વળતર ચુકવો તો એક વખત પુછો કે તમે પંજાબમાં કેટલુ વળતર ચુકવ્યુ અને અમારા ખેડૂતને પુછો કે અમે કેટલુ વળતર આપ્યું. ભાજર સરકારે ખેડૂતોને ઐતિહાસીક ૧૦૦ ટકા વળતર આપવાનો નિર્ણય કર્યો છે. અન્ય રાજ્યોના નેતાઓ ગુજરાતમાં આવી આપણા ખેડૂતોને છેતરવાનો પ્રયાસ કરે છે ગુજરાતની જનતા ભોળી ચોક્કસ છે પરંતુ સમજદાર છે અને એટલા જ માટે સતત ૨૫ વર્ષથી મોદી સાહેબ સાથે અડીખમ ઉભી છે.

### તંત્રી લેખ

## ૧૩ મહિના પછી ભારતીય શેરબજારને અપગ્રેડ કરાયું, ન્યૂટ્રલમાંથી 'ઓવરવેઈટ' રેટિંગ અપાયું

અમદાવાદ : ભારતીય અર્થવ્યવસ્થાનો સૂરજ ફરી ઉગી રહ્યો છે. ગોલ્ડમેન સાક્સે ભારતીય શેરમાર્કેટને અપગ્રેડ કર્યું છે. ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ બેંક ગોલ્ડમેન સાક્સે ભારતીય શેરબજાર પર પોતાનું વલણ બદલ્યું છે. લગભગ ૧૩ મહિના પછી, ગોલ્ડમેને ભારતને 'ન્યુટ્રલ' રેટિંગથી 'ઓવરવેઈટ'માં અપગ્રેડ કર્યું છે. કંપની હવે ભારતીય બજારમાં મજબૂત વૃદ્ધિની અપેક્ષા રાખે છે. ગોલ્ડમેન સાક્સના મતે વર્તમાન આર્થિક વાતાવરણ, મજબૂત વૃદ્ધિ દર અને નીતિગત સ્થિરતા ભારતને રોકાણ માટે વિશ્વના સૌથી આકર્ષક બજારોમાંનું એક બનાવે છે. ગોલ્ડમેન સાક્સના મતે આ સમય ભારતમાં લાંબા ગાળાના રોકાણકારો માટેની સુવર્ણ તક સાબિત થઈ શકે છે. વધુમાં, ગોલ્ડમેન સાક્સે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં નિફ્ટી ૫૦ માટે ૨૯,૦૦૦નો નવો ટાર્ગેટ મુક્યો છે, જે વર્તમાન લેવલેથી આશરે ૧૪ ટકાનો વધારો સૂચવે છે.ભારતીય ઈક્વિટી બજાર હવે રિકવરી માટે તૈયાર છે. નીતિગત સરળતા, સુધારેલી કમાણી વૃદ્ધિ અને રોકાણકારોના વિશ્વાસમાં સુધારો જેવા પરિબળોને કારણે આગામી સમયગાળામાં બજારના પ્રદર્શનમાં સુધારો થવાની અપેક્ષા છે. તાજેતરની આરબીઆઈ પોલીસી, જીએસટી રાહત અને સરકારી ખર્ચમાં સુગમતાએ અર્થતંત્રને ટેકો આપ્યો છે.ગોલ્ડમેન સાક્સના અહેવાલ અનુસાર કોર્પોરેટ કમાણી ધીમે-ધીમે સુધરી રહી છે અને શેર દીઠ કમાણી (ઈપીએસ)માં ઘટાડો હવે અટકી રહ્યો છે. એમએસસીઆઈ ઈન્ડિયાએ ૨૦૨૬ સુધીમાં નફામાં વૃદ્ધિ ૧૦ ટકાથી વધારીને ૧૪ ટકા થવાની આગાહી કરી છે.

# જોડિયાના બોડકા ગામની ૩ વર્ષની દીકરીના હૃદય રોગની બીમારીનું આયુષ્યમાન કાર્ડ હેઠળ વિનામૂલ્યે સફળ ઓપરેશન કરાયું



સરકાર દ્વારા ચાલતા આયુષ્યમાન કાર્ડ હેઠળ જોડિયા તાલુકાના બોડકા ગામની ૩ વર્ષની બાળકી નેહાનું ઝઉઁઢ એટલે કે હૃદયના કાણાની સમગ્ર સર્જરી અને સારવાર તદ્દન વિનામૂલ્યે કરવામાં આવી છે. બોડકા ગામમાં રહેતા અને છૂટક ખેત મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા અરવિંદભાઈ સોલંકીને ત્યાં તારીખ ૦૮-૦૮-૨૦૨૨ ના રોજ દીકરી નેહાનો જન્મ થયો હતો, જેનાથી ઘરમાં ખુશીનો માહોલ છવાયો હતો. જોકે, જન્મ સમયે કોઈ બીમારી જણાઈ નહોતી.

બોડકાના આંગણવાડી પર જ્યારે બાળકોનું સ્ક્રીનિંગ કરવામાં આવે છે, ત્યારે નેહા તબિયત સારી ન હોવાથી આંગણવાડી આવી નહોતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપૂર પ્રસાદ અને જોડિયાના તાલુકા હેલ્થ ઓફિસર ડો.સંજય સોમૈયાના માર્ગદર્શન હેઠળ કામ કરતી રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (ઈમ્જીદ્ધ) ટીમ સતત કાર્યરત હતી. તારીખ ૧૨-૦૩-૨૦૨૫ના રોજ ઈમ્જીદ્ધ ટીમ, જેમાં ડો.સેજલ કરકર, ડો.દેવજી નકુમ, એફ.એચ.ડબલ્યુ. બંસી ડાંગર, બોડકાના એફ.એચ.ડબલ્યુ. નીતાબેન પંડ્યા અને આંગણવાડી કાર્યકર મધુબેન પરમારે બાળકની ગૃહ મુલાકાત લીધી. પ્રાથમિક તપાસમાં બાળકને હૃદયની તકલીફ હોય તેવું જણાતાં, ટીમે તુરંત સંદર્ભ કાર્ડ ભરીને જી.જી. હોસ્પિટલ જામનગર અને ત્યારબાદ આગળની સારવાર માટે અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલ ખાતે જવા માટે પરિવારને સમજાવ્યું.

પરંતુ પરિવારે અમદાવાદ જવાને બદલે આયુષ્યમાન કાર્ડ અંતર્ગત રાજકોટની સ્ટલ'ગ હોસ્પિટલ ખાતે સારવાર કરાવવાની ઈચ્છા વ્યક્ત કરી. આથી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પીઠળના ઓપરેટર નરેન્દ્રસિંહ ઝાલાનો સંપર્ક કરીને આયુષ્યમાન કાર્ડની પ્રક્રિયા કરી કાર્ડ કાઢવામાં આવ્યું. આયુષ્યમાન કાર્ડ આવ્યા બાદ ઈમ્જીદ્ધ આરોગ્ય ટીમના સંપર્કમાં રહીને પરિવાર રાજકોટની સ્ટલ'ગ હોસ્પિટલ ખાતે આગળની સારવાર માટે ગયું. ત્યાં બાળકની જરૂરી આરોગ્ય તપાસ અને રિપોર્ટ કરતાં તેને હૃદયમાં કાણું હોવાનું નિદાન થયું.રાજકોટની સ્ટલ'ગ હોસ્પિટલ ખાતે ડોક્ટરોની ટીમે ખૂબ જ કુનેહથી તારીખ ૧૯-૦૫-૨૦૨૫ ના રોજ ઓપરેશન અને જરૂરી સારવાર કરીને ક્ષતિને દૂર કરી. બાળકીને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે અને તેને દર ૬ મહિને નિયમિત તપાસ માટે કહેવામાં આવ્યું છે. આ બાળક હાલ નોર્મલ જીવન જીવી રહ્યું છે. આરોગ્ય તંત્ર દ્વારા દીકરીની સમગ્ર સારવાર અને હૃદયના કાણાનું ઓપરેશન તદ્દન વિનામૂલ્યે કરવામાં આવતા તેણીના માતા-પિતા અને સમગ્ર પરિવારે આરોગ્ય તંત્રના આ પ્રયાસોથી ગદગદિત થઈને સર્વ પ્રત્યે ખૂબ આભારની લાગણી વ્યક્ત કરી છે.

# દિલ્હી બ્લાસ્ટની ઘટનાને લઈને આમિર ખાન-અલ્લૂ અર્જુન સહિતના સ્ટાર્સે દુ:ખ વ્યક્ત કર્યું

દિલ્હીમાં આતંકી ષડયંત્રની ગંભીર આશંકા વચ્ચે એક ભયાનક બ્લાસ્ટની ઘટના સામે આવી હતી. ૧૦ નવેમ્બરની સાંજે લાલ કિલ્લાથી માત્ર ૩૦૦ મીટર દૂર મેટ્રો સ્ટેશન નજીક એક કારમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો, જેમાં શરૂઆતમાં ૮ લોકોના મોત થયા હતા અને જેનો મૃત્યુઆંક આજે વધીને ૧૩ પર પહોંચી ગયો છે. આ ઘટનામાં અનેક લોકો ઘાયલ પણ થયા છે. હવે આ દુ:ખદ ઘટના પર સિનેમા જગતના અનેક સ્ટાર્સે દુ:ખ વ્યક્ત કર્યું છે, આ દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મૃતકો અને પીડિતો પ્રત્યે પોતાની સંવેદના વ્યક્ત કરી છે. સાઉથ સુપરસ્ટાર અલ્લૂ અર્જુને દિલ્હી બ્લાસ્ટની ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું છે. પોતાના ઠ એકાઉન્ટ પર એક્ટરે લખ્યું કે, 'દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલી દુ:ખદ ઘટનાથી હું ખૂબ જ દુ:ખી છું. મારી સંવેદના પીડિતો અને તેમના પરિવાર સાથે છે. હું કામના કરું છું કે, ફરી એક વાર શાંતિ સ્થાપિત થશે.'

અભિનેતા આમિર ખાનના પ્રોડક્શન હાઉસે પણ દિલ્હી બ્લાસ્ટની ઘટના પર પોતાનું દુ:ખ વ્યક્ત કર્યું છે. પ્રોડક્શન હાઉસ તરફથી એક પોસ્ટ કરવામાં આવી છે, જેમાં લખ્યું છે કે, 'દિલ્હી બ્લાસ્ટમાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે અમે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. આ મુશ્કેલ સમયમાં અમે તેમની સાથે છીએ અને તેમના માટે પ્રાર્થના કરીએ છીએ.'

# બદલાતા જતા ઋતુચક્ર સામે હવે ખેડૂતોએ 'ક્લાયમેટ સ્માર્ટ' કૃષિ કરવી પડશે

વડોદરા સહિત સમગ્ર ગુજરાતના કેટલાક જિલ્લામાં ગત્ત ઓક્ટોબર માસમાં પડેલા માવઠાને કારણે કૃષિ ક્ષેત્રને નુકસાન થયું છે. ખેડૂતોની સ્થિતિને પારખીને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રૂ. ૧૦ હજાર કરોડ જેટલી માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું છે. પરંતુ, છેલ્લા પાંચ વર્ષમાં હવામાનની સ્થિતિ તપાસીએ તો માલૂમ પડશે કે આ વર્ષો દરમિયાન કમૌસમી વરસાદ, અતિવૃષ્ટિ, અછત જેવી સ્થિતિનો સામનો કરવો પડ્યો છે. જળવાયુ પરિવર્તનને કારણે બદલાતી જતી મૌસમની ચાલને સમજીને ખેડૂતોએ પણ પાક પદ્ધતિમાં બદલાવ કરવાનો સમય હવે પાકી ગયો છે. આ બાબતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના તજજ્ઞ ડો. ભરત મહેતા પાસેથી જળવાયુ પરિવર્તનથી હવામાનમાં આવેલા બદલવાની કૃષિ પર પડતી અસર અંગે જાણવાનો પ્રયાસ કર્યો તો એમણે કેટલીક બાબતો કહી તે ખરેખર આંખ ખોલનારી છે. ડો. મહેતા કહે છે, ખેતરમાં ઓવર ફર્ટિલાઈઝેશન અને ઓવર ઈરિગેશનના કારણે જમીનને નુકસાન થયું છે.

તેઓ ઉમેરે છે, રાસાયણિક ખાતરોના વિવેકહિન ઉપયોગના કારણે જમીનની ફળદ્રુપતામાં ઘટાડો થયો છે. ગુજરાતમાં સર્વત્ર સામાન્યત: જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ ૦.૫ ટકા જેટલું થયું છે. હજુ પણ જો આપણે નહી સમજીએ તો રાસાયણિક ખાતરોના વધુ ઉપયોગથી જમીન બિનઉપજાઉ બની જશે. આ માટે તબક્કાવાર પ્રાકૃતિક કૃષિ કરીને જમીનની સ્થિતિ સુધારવી પડશે. જમીનને કેવી રીતે નુકસાન થયું છે ? એ સમજીએ. જમીન કડક બની રહી છે. પહેલા માત્ર ૩૦ ડિગ્રી ખુણે કોશ રાખીને હળ ચલાવવામાં આવતા તો પણ જમીન આસાનીથી ખેડાઈ જતી હતી. તેના બદલે આવે આજે ટ્રેક્ટરથી પણ ખેડવામાં મુશ્કેલ પડે છે. જમીન કડક હોવાથી જમીનમાં પાણી ઉતરતું નથી. તેના કારણે ખેતરમાં લાંબો સમય પાણી ભરાઈ રહે છે અને પાકને નુકસાન થાય છે. કૃષિને નુકસાન કરતા હવામાનના બદલાવ અંગે ડો મહેતા જણાવે છે કે, શિયાળાના દિવસો ટૂંકા થઈ રહ્યા છે અને શિયાળામાં પણ ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. ઉનાળા દરમિયાન હિટવેવ વધી રહ્યા છે. ઉનાળો ઉપરાંત ચોમાસા બાદ પણ વાવાઝોડા આવે છે. ચોમાસા દરમિયાન એક જ માસમાં આખી મૌસમનો વરસાદ વરસી જાય છે અને એ માસ પણ સતત બદલાતો રહે છે. એથી ચોમાસામાં બિનવરસાદી દિવસોનું પ્રમાણ વધી રહ્યું છે. ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર માસ દરમિયાન માવઠા પડી રહ્યા છે. આ બધી બાબતો જળવાયુ પરિવર્તનની અસરો સૂચવે છે. આ બાબતોની મોટી અસર પરંપરાગત કૃષિ ઉપર થાય છે.

# અમદાવાદ સાયબર ક્રાઈમે આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્કનો કર્યો પર્દાફાશ, નાઈજિરિયન સહિત છની ધરપકડ

આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરતાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે છ વ્યક્તિઓની ધરપકડ કરી છે. આ ગેંગ પર અમદાવાદના એક નાગરિકને હોમિયોપેથિક દવાના વેપારના બહાને રૂ.૩૨ લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનો આરોપ છે. પોલીસે મુંબઈ અને બેંગલુરુથી નાઈજિરિયન નાગરિક મેડુફોર સ્ટીવ ઉઝોચી સહિત કૃષ્ણમતી ચૌધરી, મહેશ ચૌધરી, સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી અને રાજેશકુમાર સરોજની ધરપકડ કરી છે.પોલીસના જણાવ્યા અનુસાર અમદાવાદના મણિનગર વિસ્તારમાં રહેતા ફરિયાદી નિહાર વર્માનો કેટલાક શખ્સોએ આફ્રિકન ફાર્માસ્યુટિકલ કંપનીના પ્રતિનિધિ તરીકે ઓનલાઈન સંપર્ક કર્યો હતો. તેમણે દાવો કર્યો કે તેઓ ભારતમાં 'યુપેટોરિયમ મર્કોલા લિક્વિડ' નામની હોમિયોપેથિક દવાના સપ્લાયરની શોધમાં છે, જેનો કથિત ઉપયોગ આફ્રિકામાં મેલેરિયા અને ડેન્ગ્યુની સારવારમાં થાય છે.



આરોપીઓએ વર્માને એક નફાકારક બિઝનેસના પ્રસ્તાવની લાલચ આપી હતી. જેમાં તેમને શર્મા એન્ટરપ્રાઈઝ મેન્યુફેક્ચરિંગ નામના ભારતીય વિક્રેતા પાસેથી ઈ૬,૫૦૦ પ્રતિ લિટરના ભાવે દવા ખરીદીને તે જ દવા 'આફ્રિકન ખરીદદાર'ને ઈ૧૧,૦૦૦ પ્રતિ લિટરે વેચવાની ઓફર કરાઈ હતી.શરુઆતમાં નિહાર વર્માને વિશ્વાસ અપાવવા માટે શર્મા એન્ટરપ્રાઈઝના સેલ્સ રિપ્રેઝન્ટેટિવ તરીકે જયદેવ નામના વ્યક્તિએ એક લિટર લિક્વિડનું પાર્સલ મોકલ્યું. નિહાર વર્મા દિલ્હીમાં એક કથિત આફ્રિકન લેબ સાયન્ટિસ્ટને પણ મળ્યા, જેણે સેમ્પલને 'મંજૂરી' આપી દીધી.ત્યારબાદ વિશ્વાસમાં આવી નિહાર વર્માએ મોટો ઓર્ડર આપ્યો અને એડ્વાન્સ પેમેન્ટ તરીકે રૂ.૨૭ લાખ આરોપીઓ દ્વારા શેર કરાયેલા એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા. જોકે, જ્યારે તેઓ કન્સાઈનમેન્ટ લેવા રાજસ્થાનના ભીલવાડા ગયા, ત્યારે તેમને જાણ થઈ કે ત્યાં આવી કોઈ કંપની અસ્તિત્વમાં જ નથી. પોતે છેતરાયા હોવાનો અહેસાસ થતાં નિહાર વર્માએ તાત્કાલિક અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી.

તપાસમાં બહાર આવ્યું છે કે આ કૌભાંડ નાઈજિરિયન સંચાલિત સાયબર ક્રાઈમ સિન્ડિકેટ દ્વારા ચલાવવામાં આવતું હતું. આ ગેંગ સોશિયલ મીડિયા અને ઓનલાઈન કોમ્યુનિકેશન દ્વારા પીડિતોનો સંપર્ક કરી આંતરરાષ્ટ્રીય વેપારની ખોટી ઓફરો કરતી હતી. એકવાર પીડિત સંમત થાય પછી તેમને શ્રી રામ એન્ટરપ્રાઈઝ, સ્ટાર એન્ટરપ્રાઈઝ, લક્ષ્મી એન્ટરપ્રાઈઝ અને એમ. જી. એન્ટરપ્રાઈઝ જેવા નકલી નામો હેઠળ ભારતીય બૅંકોમાં ખોલાવેલા ખાતાઓમાં પૈસા ટ્રાન્સફર કરાવી છેતરવામાં આવતા હતા.

નાઈજિરિયન નાગરિક તેના સાથીદારો સલીમ શેખ, ત્રિજુગીલાલ કુર્મી અને રાજેશ સરોજ દ્વારા ટ્રાન્સફર કરવામાં રૂપિયાનો વહીવટ કરવામાં આવતો હતો. એટલું જ નહીં તેઓ ઉત્તર પ્રદેશ, બિહાર અને નેપાળના લોકોને નકલી બૅંક ખાતા ખોલવા માટે ભરતી કરતા હતા.પોલીસે જણાવ્યું કે નવી મુંબઈ સ્થિત નેપાળી દંપતી કૃષ્ણમતી અને મહેશ ચૌધરીની આ રેકેટમાં મુખ્ય ભૂમિકા હતી. તેઓ બૅંક ખાતાઓનું સંચાલન કરતા અને કમિશનના બદલામાં છેતરપિંડીથી મેળવેલા ફંડને ગેંગના અન્ય સભ્યોને ટ્રાન્સફર કરતા હતા. આરોપીઓ એક ફર્મના નામે ૧૨થી ૧૫ ખાતા ખોલાવતા અને જેવી કોઈ ખાતા વિરુદ્ધ ફરિયાદ થાય કે તરત જ તેઓ બીજા શહેરમાં સ્થળાંતર કરી લેતા હતા.તપાસમાં વધુમાં બહાર આવ્યું છે કે મુંબઈ સ્થિત માસ્ટરમાઈન્ડ સલીમ શેખ અગાઉ અન્ય હેન્ડલર સાથે કામ કરતો હતો, જે નાઈજિરિયન નાગરિકોને નાણાકીય છેતરપિંડી માટે ભારતીય બૅંક ખાતા પૂરા પાડતો હતો. તેના મૃત્યુ પછી શેખે સ્વતંત્ર રીતે આ રેકેટ ચલાવવાનું શરુ કર્યું. શેખે માત્ર સાયબર ઠગ જ નહીં, પરંતુ દુબઈમાં ગેરકાયદેસર સટ્ટાબાજી અને ગેમિંગ એપ્સના ઓપરેટરોને પણ બૅંક ખાતા પૂરા પાડ્યા હોવાની આશંકા છે.

# રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી તાપી જિલ્લાના માણેકપુર ગામની મુલાકાતે



તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના માણેકપુર ગામની મુલાકાતે પધારેલા રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આજે પ્રાકૃતિક કૃષિ પ્રત્યે કાર્યરત ખેડૂત શ્રી રતિલાલભાઈ રેવજીભાઈ વસાવાના ફાર્મની મુલાકાત લીધી હતી.

રાજયપાલશ્રીએ ખેતર પર જઈને સ્વયં હળ ચલાવ્યું અને જમીનની ઉપજાઉ શક્તિ વધારવાના સ્વાનુભવી ઉપાયો ખેડૂતોને જણાવ્યા હતા. આ તકે રાજયપાલશ્રીએ ખેતરમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું.

આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતો સાથે આત્મીય સંવાદ સાધતા રાજયપાલશ્રીએ જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી પદ્ધતિ નથી, પરંતુ પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વનો માર્ગ છે. ગાય આધારિત ખેતી જ જમીનનું આરોગ્ય, પાણીનું સંવર્ધન અને માનવનું સ્વાસ્થ્ય જાળવી શકે છે.

રાજયપાલશ્રીએ ખેડૂતોને પ્રોત્સાહિત કરતાં ઉમેર્યું કે, ગુજરાતમાં પ્રાકૃતિક કૃષિ એક આંદોલન રૂપ ધારણ કરી રહી છે, જેમાં હજારો ખેડૂત જોડાઈને ધરતીમાતાને ફરી ઉપજાઉ બનાવી રહ્યા છે.


આ પ્રસંગે રાજયપાલશ્રીએ ખેતર પર ઉપયોગમાં લેવાતા જીવામૃત, ઘનજીવામૃત, અને ગૌઆધારિત બાયો ઈનપુટ અંગે ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

તેમણે જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ દ્વારા ખેડૂતોને ઓછા ખર્ચે વધારે ઉપજ સાથો સ્વસ્થ અને ટકાઉ જીવનશૈલી પ્રાપ્ત થઈ શકે છે જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના "આત્મનિર્ભર ભારત,વિકસિત ભારત"ના વિઝનને સાકાર કરે છે.રાજયપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન બળદ ગાડું ચલાવ્યું હતું.

# સાઉથ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરનનું સાયબર બુલિંગ!

સાઉથની ફેમસ એક્ટ્રેસ અનુપમા પરમેશ્વરન લાંબા સમયથી સાયબર બુલિંગનો સામનો કરી રહી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પોસ્ટ દ્વારા આ વિશે વિગતવાર માહિતી આપી છે. જોકે, જ્યારે તેને સાયબર બુલિંગ કરનાર વ્યક્તિ વિશે જાણ થઈ, ત્યારે તે ચોંકી ગઈ હતી.

'મારા વિશે ખોટી-ખોટી વાતો ફેલાવી' અનુપમાએ આજે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરી હતી. જેમાં તેણે જણાવ્યું કે- 'થોડા દિવસો પહેલાં



મને ખબર પડી કે એક ઈન્સ્ટાગ્રામ પ્રોફાઈલ મારા અને મારા પરિવાર વિશે અત્યંત ખોટી વાતો ફેલાવી રહી છે. આટલું જ નહીં, તે મારા મિત્રો અને કો-એક્ટર્સને પણ પોસ્ટમાં ટેગ કરી રહી છે. આ તમામ પોસ્ટમાં મારા પર ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા. આ રીતે ઓનલાઈન કોઈને પણ પરેશાન કરવું, ખૂબ જ ખોટું અને દુ:ખ આપનારું કૃત્ય છે.'૨૦ વર્ષની યુવતીએ આવું કૃત્ય કર્યું અનુપમા પરમેશ્વરને આગળ પોસ્ટમાં લખ્યું છે કે, 'મને ત્યારે આશ્ચર્ય થયું, જ્યારે જાણ થઈ કે સાયબર બુલિંગ કરનાર તમિલનાડુની એક ૨૦ વર્ષની યુવતી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 166**
વિષયઃ-"માનવતાનું મૃત્યુ"
શીર્ષકઃ- "મતલબનો માનવી"
પ્રકાર :-પદ્ય     શબ્દોઃ-

ગજબનો છે આ માનવી, જે સુખમાં મહેફિલમાં આવે છે,
દુઃખ આવે છે ત્યારે માનવી, મુખ ફેરવીને સંતાઈ જાય છે.

મતલબ માટે આ માનવી, કેવો વફાદાર મિત્ર બની જાય છે,
મતલબ પુરો થયે આ માનવી, દુશ્મન બની સામો થાય છે.

રસ્તે સામો મળે તો આ માનવી, અજાણ્યો બની જાય છે,
ખરાબ સમયમાં આ માનવી, સબંધોને પણ ભૂલી જાય છે.

જૂલ્મ-સિતમ આચરીને આ માનવી, હેવાન બની જાય છે,
અસલીયત દેખાડીને આ માનવી, હાહાકાર મચાવી જાય છે.

છળકપટી છે આ માનવી, સૌને મજબૂર બનાવી જાય છે,
ઈશારે નચાવીને આ માનવી, જીવન બરબાદ કરી જાય છે.

માનવતા ભૂલ્યો છે આ માનવી, કેમ આટલી હદે જાય છે?
"મુરલી" માનવતાનું મૃત્યુ થયું છે, ઈશ્વર  લાચાર બની જાય છે.

રચનાઃ-ધનજીભાઈ ગઢીયા"મુરલી" .જુનાગઢ
★★★★સ્ર★★★

**NOGSS NO: 345**
વિષયઃ માનવતાનું મૃત્યું
શીર્ષકઃ માનવતાના મૂલ્યો
પ્રકારઃગદ્ય - શબ્દોઃ ૩૦૯

માનવતા મરી પરવારી છે એટલે કે આપણા સમાજમાં માનવતાના મૂલ્યો ઓછા થઈ રહ્યા છે. લોકો એકબીજા પ્રત્યે સહાનુભૂતિ, પ્રેમ, અને સેવાની ભાવના રાખતા નથી. એવું પણ નથી કે બધા માનવી એવા છે. ઘણા માનવી એવા પણ છે તેઓની માનવતા, દયાભાવનાથી દુનિયા ટકી પણ રહી છે.

વૃદ્ધોની અવગણના થતી હોય છે. વૃદ્ધોને તેમના ઘરોમાંથી કાઢી મૂકવામાં આવે છે અથવા તેમની સારવાર કરવામાં આવતી નથી.

ઘણા કિસ્સામાં બાળકોને શારીરિક અને માનસિક રીતે ત્રાસ આપવામાં આવે છે. ઘણી ખરી મહિલાઓને સમાન અધિકાર આપવામાં આવતા નથી અને તેમને ઘરેલું હિંસાનો સામનો કરવો પડે છે. ગરીબોને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવતી નથી અને તેમને શોષણ કરવામાં આવે છે.
અરે માનવીનું જ ક્યાં? પશું-પક્ષી, સાથે સમગ્ર પ્રકૃત્તિનું પણ નિકંદન કાઢી રહ્યો છે માનવી. ચોખ્ખી વસ્તુંમાં ભેળસેળ કરવા માટે પણ તે કઠોર બનતો જાય છે. માનવી જ માનવીનું લોહી ચૂસી રહ્યો છે.

આવા કિસ્સાઓમાં, માનવતા મરી પરવારી છે એવું કહેવામાં આવે છે. આપણે બધાએ માનવતાના મૂલ્યોને જાળવવા અને એકબીજા પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ.

મન મારું મુંજાય જાય, વિપત્તિના વાદળ ઘેરાય.
મીટ હું તો માંડું શામળિયા,
કૃષ્ણ આવે સુદામાની પાસ.
મારી આંખડી ભીંજાય.

એટલે કે માનવી કોઈને કોઈ રીતે મુંજાયેલો રહેતો હોય છે. પછી જયારે માનવતા ભર્યો માનવી જ એની વ્હારે આવે છે ત્યારે સાક્ષાત શ્રીકૃષ્ણ મળ્યા નો આનંદ થાય છે.

પરમપિતા સૃષ્ટિ સર્જનહારની કૃપા થકી મનુષ્ય દેહ મળ્યો છે તો દરેક માનવીએ દયાભાવના, પ્રામાણિકતા, સત્યતા, રાખી સૌ કોઈને મદદરૂપ થવું જોઈએ. માનવતાને મરવા નહિં પણ સદાયે અમર રાખવી જોઈએ. છેવટે તો દરેક માનવને કોઈને કોઈ પીડા તો ભોગવવી જ પડતી હોય છે. ચાહે પૈસાદાર હોય કે ગરીબ. માટે મરતી જતી માનવતાને પ્રેમરૂપી પુષ્પ અને દયારૂપી ભાવનાથી "હું માનવી માનવ થાવ તો ઘણું " મુજબ જીવન વ્યતિત કરવું જોઈએ. ક્યારે ભગવાનના ઘરની ચિઠ્ઠી ફાટશે કોઈને ખબર નથી. બધું જ છોડીને એક દિવસ તો જવાનું જ છે.

હંસા ઝાલા "લાગણી" સુરત
★★★★★★★

**NOGSS NO : 161**
વિષય : માનવતાનું મૃત્યુ
શિર્ષક : ઈશ્વરને અરજી
પ્રકાર :  અછાંદસ કાવ્ય    શબ્દો : ૧૫૦

હે ઈશ્વર,
મરી પરવારી છે માનવતા
માનવીને માનવી બનાવ
શું આ જ છે તારો દરબાર
શું આ જ છે તારો સંસાર?

નિતનવા ગુનેગાર ને
નિતનવા કત્લેઆમ
રોજરોજ ની ભાગદોડમાં
કંઈ હાથ ના આવે શુષ્ક હોડમાં

થોથાં પંડિત અને બગભગતની આ દુનિયામાં
સત્ય તો ક્યારનું ય મરી પરવાર્યુ
શમણાંને સાકાર કરવા મથ્યાં કરતું આ મન
ક્યારનું ય તારા ધ્યાનથી વેગળું થયું

નિર્લેપતાના લપેડા ઊખડતા ગયા ને
મોહ માયામાં માનવી અટવાતો ગયો
અને ઈશ્વર, તું વેગળો રહી ગયો.
હવે તો..
તારી જટા ખોલીને અમને છાંયા આપ
તારી અદબ છોડીને અમને હૂંફ આપ
તારી પલાંઠી છોડીને તારા પગલે પગલે ચલાવ
તારી બંને આંખો ખોલીને આશીર્વાદનું ઝરણું વહાવ
નહીં તો..
ત્રીજું નેત્ર ખોલી ને જગ સંહાર કર
ઊગાર તારા વિશ્વને કે જેથી
સ્વચ્છ શ્વાસ લઈ શકાય
ફરીથી આદમ ઈવને સર્જી ને
એક નવા વિશ્વનું સર્જન કર

ફરીથી રામરાજ્ય સ્થાપીને
સેવા વ્રત નો પ્રારંભ કર
ફરીથી સતયુગ સ્થાપીને
તારા અસ્તિત્વ ની જાણ કર..

ગ્રીષ્મા પંડ્યા.અમદાવાદ
★★★★★★★

**NOGSS NO :158**
વિષયઃમાનવતાનું મૃત્યુ
શીર્ષકઃસાચો માનવધર્મ
પ્રકારઃ પદ્ય   શબ્દોઃ૧૦૫

માણસની માનવતા આજકાલ થઈ રહી છે લુપ્ત,
પ્રેમભાવના મરી પરવારી મનની વાત રાખે ગુપ્ત!

માણસમાં ઉચ્ચ નીચનો ભેદભાવ નહીં સારો વર્તાવ,
મનમાં બદલાની ભાવના રાખે?? જાતિવાદનો પ્રભાવ!

માનવ જીવનનો શણગાર પ્રાણી પ્રત્યે સંવેદના,
નથી રહી માણસમાં માણસ તરીકેની માનવતા!

કોઈ પ્રત્યે નહીં અભાવ સર્વ જીવો પ્રત્યે સમભાવના,
બીજાના સુખે દુઃખી બીજાના દુઃખે સુખી એવી મનકામના!

વિચાર વ્યવહાર વાણી વર્તન સદા  કરવા સદ્ કર્મ,
સેવા કરવી ગરીબો તણી એ સાચો માનવ ધર્મ!

’પ્રેમ’ સહાય કરજો સૌ મળીને ખીલતી રહે માનવતા,
દયા રહેતાં હૃદયથી સદાય ખીલે  માનવતા!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ ’પ્રેમ’આદરીયાણા- સુરેન્દ્રનગર)
★★★★★★

**NOG SS NO 167**
વિષયઃમાનવતાનું મૃત્યુ
શિર્ષકઃપ્રજા ગુમસુમ હતી
પ્રકારઃપદ્ય.  શબ્દોઃ૭૮

ચોરની ચોરે ચર્ચા હતી, પ્રજા ગુમસુમ હતી,
શ્રીમંતને ત્યાં દોડતી, દોલત રુમઝૂમ હતી.

એશ આરામથી હોટલો, લોકોથી ભરપૂર હતી,
સરહદ શહીદોના, લોહીથી કુમકુમ હતી.

તપતા તાપમાં, ઓફીસમાં, એસીની ઠંડક હતી,
જ્યાં ત્યાં શ્રમજીવીની કાયા,પરસેવે લથબથ હતી.

હતું થાળીમાં, રોટલો, છાશ ચટણી અને ડુંગળી,
બત્રીસ ભોજને પણ, જમવામાં કચકચ હતી.

હજાર હજાર દિવડે રોશન, રોશની મહેલોની હતી,
હતો એક ઝાંખો દિપક, પણ ઝુંપડી ઝગમગ હતી.

નરેન્દ્ર ત્રિવેદી(ભાવનગર)
★★★★★★★

**NOG SS NO: 340**
વિષયઃ "માનવતાનું મૃત્યુ"?
શિર્ષકઃ ક્યાં ખોવાયું આ માનવતાનું મૃત્યુ
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૬૬

ક્યાં ખોવાયું એ સ્નેહનું ઝરણું, આ માનવતાનું મૃત્યુ,

ક્યાં ઓસરી ગયું એ લાગણીનું ઝરણું, આ માનવતાનું મૃત્યુ.

આજ સ્મશાનમા સૂતેલું છે, શ્વાસ વગરનું, આ માનવતાનું મૃત્યુ,

આંખોમાં નુર નથી, માત્ર વેદના ભર્યું, આ માનવતાનું મૃત્યુ.

મૃત્યુ છે દુરનું ઠેકાણું, અંગારા થી ઠર્યું, હર્યું ભર્યું, આ માનવતાનું મૃત્યુ.

એક દાડો, બે દાડા, ગયા બધા દાડા, ટાણે આવી ઊભું રહ્યું, આ માનવતાનું મૃત્યુ.

સમજી શકો તો સમજી લેજો, જીવન વગર નું પાસું, "સ્વયમ’ભુ’" આ યુગમાં વેચાય રહ્યું છે, આ માનવતાનું મૃત્યુ,

અશ્વિન રાઠોડ – સ્વયમ’ભુ’  મોરબી.
★★★★★★

**NOGGS:226**
વિષયઃ માનવતાનું મૃત્યુ ?
શીર્ષકઃમાનવતાનું અંતિમ પાનું
રચનાઃ પદ્ય શબ્દોઃ ૮૧

હૃદયે દયા વિખરાઈ ગઈ, હિંસા જીવીત થઈ છે.
પ્રેમનું ઝરણું રોકાઈ ગયું, નફરત પ્રસરી થઈ છે.

લોહીથી રંગાઈ ધરા, શરમ પણ શમાઈ થઈ છે.
સત્યના દીપક બુઝાઈ ગયા, ઘટ જાહેર થઈ છે.

મંદિરમાં તો મૌન ઊભું છે, પ્રાર્થના વિરહ થઈ છે.
માનવ માનવને ખાઈ ગયો, ક્રૂર સ્વભાવ થઈ છે.

દયા, ક્ષમા, કરુણા ના રહી, સ્વાર્થી રાજી થઈ છે.
માનવતાનું અંતિમ પાનું, રક્તથી લખાય થઈ છે.

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)
★★★★★★★
ર્દ્ય જીજી ર્દ્ર-૧૯૫
વિષયઃ માનવતાનું મૃત્યું
શીર્ષકઃ માણસાઈ
પ્રકારઃ પદ્ય અછાંદસ
આભાર - નિહારીકા રવિયા
શબ્દોઃ  ૭૬
મોંઘેરા માણસને પણ માગણીની પડી છે,
લાખોમાં ય એકને લાગણી ક્યાં અડી છે ?

આ સારો આ ખોટો એકજ વાત ખડી છે,
નયનને પણ  નવરી બસ નીન્દા જ નડી છે.

હુ કહુ તેમજ કરો અને મારુજ કહ્યુ માનો,
બીજુતો શુ અમૃત અહમની ગાંઠ વળી છે.

વાતે વાતે વઢવુ અને લડાય ત્યાં લડી પડવુ,
પદ પોતાનુ  પડે નહી  એવીજ  લત પડી છે.

મુદ્દે મુદ્દે માણસનો મુકામ બદલઈ જાય છે,
માણસ છે તોય  માનવતાની  ક્યાં પડી છે ?

અમૃત શ્રીમાળી,મહેસાણા

# ભારતી આશ્રમના મહાદેવગીરી બાપુ ફરી અચાનક ગુમ, સાણથલી ગામેથી ઘર છોડીને ચાલ્યા જતાં ખળભળાટ



ભારતી આશ્રમના લઘુમહંત મહાદેવગીરી બાપુ ફરી એકવાર અચાનક ગુમ થઈ જતાં ચકચાર મચી ગઈ છે. જસદણના સાણથલી ગામે પોતાના પરિવાર સાથે રહેતા મહાદેવ ભારતી વહેલી સવારે કોઈને પણ જાણ કર્યા વિના ઘરેથી નીકળી ગયા હતા, જેના પગલે પરિવારજનોમાં ફરી ચિંતાના વાદળો છવાયા છે.

ઉલ્લેખનીય છે કે મહાદેવગીરી બાપુએ થોડા દિવસો પહેલાં જ એક સ્યુસાઇડ નોટ લખી હતી, જેમાં તેમણે આશ્રમના આંતરિક ડખા અને વિવાદો અંગે ચોંકાવનારા આક્ષેપ કર્યા હતા. આ નોટ લખીને તેઓ ગુમ થઈ ગયા હતા.

આ ઘટના બાદ પોલીસે સઘન સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું અને તેઓ ઈટાવા ઘોડી વિસ્તારમાંથી અશક્ત હાલતમાં મળી આવ્યા હતા. પોલીસે તુરંત તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં સારવાર લીધા બાદ તેમને રજા આપવામાં આવી હતી.

આ સમગ્ર વિવાદ દરમિયાન ભારતી આશ્રમના ગુરુ હરિહરાનંદબાપુએ મહાદેવગીરી બાપુ સામે કડક પગલાં લેતા તેમને તમામ હોદ્દા પરથી હટાવી દીધા હતા. એટલું જ નહી, રાજ્યના કોઈપણ ભારતી આશ્રમમાં તેમના પ્રવેશ પર મનાઈ ફરમાવી દેવામાં આવી હતી.

હૉસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મહાદેવ ભારતી પોતાના પરિવાર સાથે રહેવા માટે જસદણના સાણથલી ગામે ગયા હતા. જોકે, પરિવાર સાથે માત્ર બે દિવસ રહ્યા બાદ જ તેઓ આજે વહેલી સવારે ફરીથી રહસ્યમય સંજોગોમાં ઘરેથી નીકળી જતાં પરિવારજનો ચિંતાતુર બન્યા છે અને તેમની શોધખોળ શરુ કરી છે.

# માણસાના સોજા ગામે દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સહભાગી થયાં

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના માણસા તાલુકાના સોજા ગામે દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સહભાગી થતાં જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા ×સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ×નો કાર્યમંત્ર સોજા ગામમાં શ્રી વીર વેલુડા સેવા મંડળ દ્વારા અર્ધશતાબ્દી મહોત્સવ અવસરે આયોજિત ગામે દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં સાકાર થયો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, વીર વેલુડા મહારાજે પોતાના પ્રાણનું બલિદાન આપીને સોજા ગામની રક્ષા કરી હતી. આજે સોજા ગામના શ્રી વીર વેલુડા સેવા મંડળના દરેક ઉંમર, દરેક જાતિ, દરેક વર્ગના લોકો ખભેખભા મિલાવીને સમરસતાનું કાર્ય કરી રહ્યા છે.    તેમણે જણાવ્યું હતું કે, એકતાના બળે સોજા ગામ વડાપ્રધાનશ્રીના ×વિકાસ ભી, વિરાસત ભી×ના મંત્રને સાકાર કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ કાશી, ઉજ્જૈન, અયોધ્યા, સોમનાથમાં જે રીતે વિકાસને વિરાસત સાથે જોડી એ જ રીતે સોજા ગામ પણ વિકાસ અને વિરાસતને આગળ વધારી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, આ અર્ધ શતાબ્દી મહોત્સવને વધુ પવિત્ર બનાવવા માટે શ્રીમદ દેવી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ અને શતચંડી મહાયજ્ઞનું ભવ્ય આયોજન થયું છે. શ્રીમદ દેવી ભાગવત પુરાણ માતૃશક્તિનો મહાન ગ્રંથ છે. તેમા માં ભગવતીના મહિમાનું વર્ણન છે.

માતાજીના અનેક સ્વરૂપો દેવી ભાગવત અને શક્તિ ઉપાસનાના સાહિત્યમાં જોવા મળે છે. દેવી ભાગવતનું શ્રવણ કરવાથી માતાના સ્વરૂપોનું અને પરાક્રમોનું જ્ઞાન મળે છે, સાથે જ શક્તિ સ્વરૂપા માતાનું મહત્વ સમજાતા સમાજમાં સ્ત્રીઓ પ્રત્યે સન્માનની ભાવનાને પણ બળ મળે છે તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશ વિકસિત ભારતની દિશામાં આગળ વધી રહ્યો છે તેમાં સોજા ગામ સ્વદેશી અને આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપી આદર્શ ગામ બને તેવી પ્રેરણા મુખ્યમંત્રીશ્રીએ આપી હતી.કથાકાર શ્રી રાજેન્દ્ર પ્રસાદ શાસ્ત્રીજીએ મુખ્યમંત્રીશ્રીને ખેસ પહેરાવી સન્માનિત કર્યા હતા. કાર્યક્રમમાં સેવા મંડળના કાર્યકર્તાઓ તથા સરપંચ શ્રી સુશીલાબેન પટેલ અને મોહનભાઈએ મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યું હતું.    અર્ધ શતાબ્દી મહોત્સવની આ ઉજવણી પ્રસંગે ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, અગ્રણી શ્રી નારાયણભાઈ પટેલ, શ્રી ગીરીશભાઈ પટેલ, શ્રી પ્રવીણભાઈ પટેલ, શ્રી ભાવિનભાઈ પટેલ, શ્રી ઘનશ્યામસિંહ વાઘેલા, શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી અનિલભાઈ પટેલ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મતદાર યાદી સુધારણાની પ્રક્રિયાઃ ગુજરાતમાં ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ, ૩.૯૦ કરોડ ફોર્મનું વિતરણ



સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો ૪થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારી હારીત શુક્લાની આગેવાનીમાં ઝઈ કચેરી(ઝરૈક ૈિંક્ષ્ક્ષિ કકૈંઝી)ની સમગ્ર ટીમ રાજયભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓ, મતદાર નોંધણી અધિકારીઓ તથા સહાયક મતદાર નોંધણી અધિકારીઓ સાથે સતત સંપર્કમાં રહીને સમગ્ર કાર્યપ્રગતિ પર નજર રાખવાની સાથે તેમને માર્ગદર્શન આપી રહી છે. મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની સમગ્ર પ્રક્રિયામાં બૂથ લેવલ ઓફિસર પાયાના પત્થર સમાન છે. ગણતરી (એન્યુમરેશન) ફોર્મનું વિતરણ, મતદારને તેમના નામ અથવા સંબંધીઓના નામ સાથે મેચિંગ/લિંકિંગમાં મદદ કરવી તથા નવા મતદારોને નામ ઉમેરવા માટે કરવી પડતી પ્રક્રિયાથી માહિતગાર કરવા સહિતના ખૂબ જ અગત્યની કામગીરી બૂથ લેવલ ઓફિસર સુપેરે સંભાળી રહ્યા છે. જેના માટે તેમને ફાળવવામાં આવેલા વિસ્તારના ઘરોની ત્રણ વખત મુલાકાત પણ લઈ રહ્યા છે. હાલમાં રાજ્યભરના તમામ જિલ્લાઓમાં કુલ ૫૦,૯૬૩ બૂથ લેવલ ઓફિસર્સ ખંતપૂર્વક ફરજ નિભાવી રહ્યા છે. અદ્યતન મતદાર યાદી અનુસાર રાજ્યમાં કુલ ૫.૦૮ કરોડ મતદારો નોંધાયેલા છે. જેમના મેપિંગ માટે રૂબરૂ, મોબાઈલ એપ્લિકેશન તથા ઓનલાઈન ડેટાબેઝના માધ્યમથી ૧૧ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઉપલબ્ધ વિગતોને આધારે ૨.૧૭ કરોડથી વધુ નાગરિકોનું મેપિંગ પૂર્ણ થઈ ચૂક્યું છે. જ્યારે ૩.૯૦ કરોડ ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ થયું છે. આમ, રાજ્યભરમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા કરતા ર્ં ખરા અર્થમાં ભારતના ચૂંટણીપંચના ધ્વજવાહક બન્યા છે.




ભારતીય મજદૂર સંઘ ગુજરાત પ્રદેશ દ્વારા ૧૦ નવેમ્બર ૨૦૨૫ ના રોજ રિવરફ્રન્ટ અમદાવાદ ખાતે દત્તોપંત ઠેંગડેજી ની ૧૦૬ જન્મ જયંતી નિમિત્તે વિશાળ રેલી તથા સભાનું કામદારોના વિવિધ ક્ષેત્રના વિવિધ પ્રશ્નો બાબતે સરકારશ્રી સમક્ષ તેમના પ્રશ્નોને વાચા આપવા નું આયોજન કરેલ તેમાં એક લાખથી પણ વધારે કામદારો આ સભામાં જોડાયેલ અને દરેક વિભાગ દ્વારા તેમના કામદારોના પ્રશ્નો બાબતે જાહેર સભામાં કામદાર આગેવાનો દ્વારા રજૂઆતો કરવામાં આવી અને સરકારશ્રીને આહવાન કરવામાં આવ્યો કે વહેલા મેં વહેલી તકે કામદારોના પ્રશ્નો નિરાકરણ લાવો નહિતર આનાથી પણ ઉગ્ર આંદોલન કરવાની ભારતીય મજદુર સંઘ ને ફરજ પડશે તથા જાહેર સભા પૂરી થયે ગાંધીનગર ખાતે દરેક મંત્રીશ્રીઓને આવેદનપત્રની કોપી પ્રદેશના હોદ્દાદારો દ્વારા આપી રજૂઆત કરવામાં આવેલ છે એવો ગાંધીનગર જિલ્લા પ્રભારી શ્રી શૈલેષભાઈ જોશી પ્રદેશ ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભારતીય મજદૂર સંઘ ની યાદીમાં જણાવે છે

# ઉચ્છલ તાલુકાના હરીપુર ખાતે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્ર નવનિર્માણાધિન સમારોહ યોજાયો

તાપી જિલ્લાના ઉચ્છલ તાલુકાના હરિપુર ખાતે એકતા ચેરિટેબલ ટ્રસ્ટ, ઉચ્છલ દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ તાલીમ કેન્દ્રના નવનિર્માણાધિન સમારોહમાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તાલીમ કેન્દ્રનું ઇ-ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી લોકોના સ્વાસ્થ્ય, પર્યાવરણ અને અર્થતંત્ર, ત્રણેય માટે અગત્યની છે અને ધરતી એકતા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિર્માણ થનાર તાલીમ કેન્દ્ર દક્ષિણ ગુજરાતના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.રાજ્યપાલશ્રીએ વધુમાં કહ્યું કે, પ્રાકૃતિક કૃષિ એ માત્ર ખેતી પદ્ધતિ નહીં પરંતુ "પ્રકૃતિ સાથેના સહઅસ્તિત્વનો માર્ગ" છે. તેમણે ઉમેર્યું કે, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓએ ધરતીને બંજર બનાવી દીધી છે, પાણી પ્રદૂષિત થયું છે અને માનવ આરોગ્ય ખતરામાં મુકાયું છે. હવે સમય આવી ગયો છે કે આપણે ફરીથી ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ તરફ વળી જઈએ. પ્રાકૃતિક કૃષિ એ જ એકમાત્ર માર્ગ છે, જે આપણી જમીનને ફરીથી સજીવ, ઉપજાઉ અને સમૃદ્ધ બનાવી શકે છે.રાજયપાલશ્રીએ ખેડૂતોને સમજાવ્યું કે, દેશમાં દર વર્ષે કરોડો રૂપિયાની રકમ વિદેશોમાંથી યુરિયા અને ડી.એ.પી. જેવા ઝેર ખરીદવા પર ખર્ચાય છે, જે દેશની સંપત્તિનું મોટું નુકસાન છે. જો આપણે પ્રાકૃતિક કૃષિ અપનાવીએ તો દેશનો રૂપિયો દેશમાં જ રહે, જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના લક્ષ્યને સાકાર કરવામાં મદદરૂપ થશે.






શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું કે, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન વિશ્વવિદ્યાલય એ દુનિયાની પહેલી એવી યુનિવર્સિટી છે, જે ગૌ આધારિત પ્રાકૃતિક ખેતીને વૈજ્ઞાનિક રીતે પ્રસ્થાપિત કરવાનું કાર્ય કરી રહી છે. ઉચ્છલમાં નિર્માણ થનાર આ તાલીમ કેન્દ્રમાં ખેડૂતોને જીવામૃત, ઘનજીવામૃત, બીજામૃત જેવા બાયો ઈનપુટ્સ બનાવવાની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ કેન્દ્ર સાથે દેશી ગૌનસ્લ સુધાર કેન્દ્ર પણ સ્થાપિત થશે, જ્યાં સેક્સડ સૉર્ટેડ સીમેન ટેક્નોલોજીથી ગાયોની ઉન્નત જાતો વિકસાવવામાં આવશે.રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, આજના યુગમાં રાસાયણિક ખાતર અને જંતુનાશકોના વધતા ઉપયોગને કારણે જમીનની સમતુલા ખોરવાઈ રહી છે, પર્યાવરણ પ્રદૂષિત થઈ રહ્યું છે અને અનેક રોગોનું પ્રમાણ વધી રહ્યું છે.ત્યારે ખેડૂતોને યુરિયા અને ડીએપી છોડીને પ્રાકૃતિક પદ્ધતિ અપનાવવા ખાસ અનુરોધ કર્યો હતો.રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અપનાવવા હાકલ કરતા સૌએ હાથ ઉંચા કરી સહમતી દર્શાવી હતી. જે બદલ રાજ્યપાલશ્રીએ કહ્યું કે, આપ સૌએ આપેલ આ પ્રતિભાવ ગુજરાતમાં કૃષિ માટે નવો પ્રારંભ છે. હવે સમય આવી ગયો છે જમીનને ફરી જીવંત બનાવવાનો, ગાયને ઘરમાં પાછી લાવવાનો અને ઝેરમુક્ત ભારત બનાવવાનો.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ હવે પ્રાકૃતિક કૃષિ રાષ્ટ્રીય મિશન સ્વરૂપે કાર્યરત છે. ગુજરાત સરકારના સહકારથી લાખો ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. આ આંદોલન હવે દરેક ખેડૂત સુધી પહોંચાડવું છે. આ તાલીમ કેન્દ્ર તેનો મહત્વપૂર્ણ આધાર બનશે તેવો વિશ્વાસ રાજ્યપાલશ્રીએ વ્યક્ત કર્યો હતો.તેમણે ઉપસ્થિત વિભિન્ન ગામોના સરપંચોને આહ્વાન કર્યું કે, તેઓ પોતાના ગામોમાં ખેડૂતોને પ્રેરિત કરે અને "પ્રાકૃતિક કૃષિ અને ગૌ આધારિત ગ્રામ અર્થતંત્ર" ને ગામ સ્તરે અમલી બનાવે.

કાર્યક્રમની શરૂઆતમાં રાજયપાલશ્રીએ આરોગ્ય કેમ્પની મુલાકાત લઈ લોકોને આ કેમ્પનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો હતો.આ કાર્યક્રમમાં તાપી જિલ્લા કલેકટર શ્રી ડૉ. વિપિન ગર્ગ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રામનિવાસ બુગાલીયા, ધરતી એકતા ટ્રસ્ટના અધ્યક્ષ શ્રી યોગેશભાઈ ગામીત, મુંબઈ હાઈકોર્ટના સોલિસિટર શ્રી અજયભાઈ ખટલાવાળા, ચરોતર લેઉવા પાટીદાર સમાજના ટ્રસ્ટી શ્રી પુરુષોત્તમભાઈ પટેલ, દાદા ભગવાન ટ્રસ્ટના ચેરમેન શ્રી વસંતભાઈ પટેલ, રેટિયો તુવેરદાળના ચેરમેનર શ્રી વિપીનચંદ્ર ચોખાવાળા, વ્યારા શુગર મિલના ડાયરેક્ટર શ્રી અશોકભાઈ ગામીત , ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી કુલપતિ શ્રી ડૉ. સી.કે. ટીંબડીયા, સુમુલ ડેરીના ડિરેક્ટર શ્રી જયેશ પટેલ, કૃષિ સખી, કિસાન મિત્રો, આત્માના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઇફ્કો અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે મુલાકાત કરી





ભારત–જોર્ડન વચ્ચે ખાતર ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટેની મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત, ઈફ્કો ના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણી એ જોર્ડનના પ્રધાનમંત્રી શ્રી જાફર હસન સાથે અમાન ખાતે પ્રધાનમંત્રી નિવાસ ખાતે મુલાકાત કરી હતી. આ સૌહાર્દપૂર્ણ મુલાકાત દરમિયાન બંને પક્ષો વચ્ચે ખાતર ઉદ્યોગના વિકાસ, નવીન ટેકનોલોજીનો ઉપયોગ, કૃષિ ઉત્પાદકતા વધારવા અને ટકાઉ ખેતીને પ્રોત્સાહન આપવા જેવા મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા થઈ હતી. પ્રધાનમંત્રી શ્રી જાફર હસને ભારત–જોર્ડન વચ્ચેના મજબૂત દ્વિપક્ષીય સંબંધોની પ્રશંસા કરતા જણાવ્યું કે કૃષિ ક્ષેત્રમાં સહકાર બંને દેશોની અર્થવ્યવસ્થાને નવી દિશા આપશે। શ્રી દિલીપ સંઘાણીએ જોર્ડન સરકારના સહયોગ અને સમર્થન માટે આભાર વ્યક્ત કરતાં કહ્યું કે ઈફ્કો અને જિફ્કો (ત્નૈંહ્લઝ્ર) ના સંયુક્ત પ્રયાસોથી આગામી સમયમાં ખાતર ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર વૃદ્ધિ થશે, જેનો સીધો લાભ બંને દેશોના ખેડૂતોને મળશે। આ પ્રસંગે જિફ્કો (ત્નૈંહ્લઝ્ર) ના અધ્યક્ષ પ્રો. મહમ્મદ કે. થનૈબત, ઈફ્કો મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. જે. પટેલ, ઉપ મેનેજિંગ ડિરેક્ટર શ્રી રાકેશ કપૂર તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ડાંગ જિલ્લા માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા માર્ગ સલામતી માટે પુન : રંગ રોગન શરૂ કરાયું




આહવાઃ તાઃ ૧૧: વરસાદ વિરામ લેતા ડાંગ જિલ્લા આહવાના માર્ગ અને મકાન વિભાગ રાજ્ય દ્વારા સ્ટ્રક્ચર્સનું પુનઃરંગ રોગન શરૂ કરવામાં આવ્યું છે. ડાંગ જિલ્લામાં માર્ગ સલામતી જળવાઈ રહે તે માટે આ કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લાના મુખ્ય માર્ગોના સ્ટ્રક્ચર્સના રંગ રોગાન થી નાઈટ ટાઈમ સ્ટ્રક્ચર્સ ની વિઝિબિલિટીમાં વધારો થશે અને વહાનચાલકોની માર્ગમાં સલામતી જળવાઈ રહેશે તેમજ માર્ગ વ્યવહાર સરળ બનશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.